# શેરબજારના સેંસેક્સમાં નોંધપાત્ર સુધારો

મુંબઈ,તા.૨૯

શેરબજારમાં આજે જોરદાર તેજીનુ મોજુ ફરી વળ્યુ હતુ. વર્ષ ૨૦૧૨માં એક દિવસમાં સૌથી મોટો ઉછાળો આજે નોંધાયો હતો. મૂડીરોકાણકારોની આવકમાં ૧.૧૭ લાખ કરોડનો વધારો થયો હતો. ટેક્સ એવોઈડન્સ રુલ અંગે સ્પષ્ટીકરણ કરવામાં આવતા શેરબજારમા તેજીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આ ઉપરાંત વૈશ્વિક બજારોમાં પણ તેજી જોવા મળી હતી. સતત ચોથા દિવસો શેરબજારમા તેજી રહી હતી. નાણામંત્રાલયે ગઈકાલે મોડીરાત્રે જીએએઆર મુસદ્દા માર્ગદર્શિકા જારી કરી હતી. આ સંબંધમાં વડાપ્રધાનની કચેરી દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યા બાદ શેરબજારમા તીવ્ર તેજી જોવા મળી હતી. વડાપ્રધાને મુસદ્દા માર્ગદર્શિકાને નિહાળી નથી અને તેમની મંજૂરી બાદ જ જીએએઆરને આખરી ઓપ અપાશે. ૧૪૪ પોઈન્ટના સુધારા સાથે બજારની શરૂઆત થઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૪૩૯ પોઈન્ટ સુધરી ૧૭૪૩૦ની સપાટીએ રહ્યો હતો. ૧૯મી એપ્રિલના દિવસે છેલ્લે આ સપાટી જોવા મળી હતી. છઠ્ઠી જૂનના દિવસે સેંસેક્સમાં ૪૩૪ પોઈન્ટનો સુધારો થયો હતો જે અગાઉ આ વર્ષે એક દિવસનો સૌથી મોટો સુધારો હતો. આજે કારોબાર દરમ્યાન ૩૦ શેર સેંસેક્સ પૈકી ૨૯ શેરમાં સુધારા થયા હતા. જિંદાલ સ્ટીલે તેજીનુ નેતૃત્વ કર્યુ હતુ. તેમાં ૮.૭૪ ટકાનો સુધારો થયો હતો. તાતા પાવર, આઈસીઆઈસીઆઈ બેંક, ભેલ અને સ્ટરલાઈટમાં પણ પાચથી છ ટકાનો સુધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં ૧૮૭૦ શેરમાં તેજી રહી હતી. મૂડીરોકાણકારોની સંપત્તિ ૬૦.૩૫ લાખ કરોડથી વધીને ૬૧.૫૨ લાખ કરોડ થઈ ગઈ હતી. આવીજ રીતે નેશનલ સ્ટોક એકસેંજના નિફ્ટીમાં ૧૩૦ પોઈન્ટનો સુધારો થયો હતો. કેપિટલ ગુડસ, પાવર, અને બેંકિંગ શેરમાં ફંડ આધારિત લેવાલી જોવા મળી હતી. જેથી તેની સપાટી ૫૨૭૯ રહી હતી. છેલ્લા ચાર દિવસમાં સેંસેક્સમાં આશરે ૫૫૦ પોઈન્ટનો સુધારો થઈ ચુક્યો છે. વડાપ્રધાન મનમોહનસિંહે નાણા ખાતુ પોતાના હાથમા લઈ લીધા બાદ અર્થતાંત્રમા તેજી પરત ફરવાનો સંકેત દેખાઈ રહ્યા છે. યુરોપીય યુનિયનના નેતાઓની મીટિંગ પણ યોજાનાર છે.






મુંબઈમાં એક મંદિરમાં ભારતીય પરંપરા પ્રમાણે યોજાયેલા હેમામાલિની-ધર્મેન્દ્રની પુત્રી ઈશા દેઓલના લગ્ન મુંબઈના બીઝનેસમેન ભરત તક્ષાની સાથે વિધિપૂર્વક સંપન્ન થયા તેની તસવીર.

# ૨૬/૧૧ હુમલાના બે દિવસ પહેલાં મોક ડ્રીલ થઈ : જુંડાલ

નવી દિલ્હી,તા.૨૯

૨૬/૧૧ મુંબઈ હુમલાને અંજામ આપનાર ૧૦ આતંકવાદીઓના મુખ્ય હેન્ડલર અને હાલમાં ઝડપાઈ ગયેલા કુખ્યાત ત્રાસવાદી અબુ જુંડાલ ઉર્ફે અબુ હમઝા ઉર્ફે જબીઉદ્દીને તપાસ અધિકારીઓ સમક્ષ કેટલીક ચોંકાવનારી કબૂલાત કરી છે. આ શખ્સે પૂછપરછ દરમિયાન કહ્યું છે કે મુંબઈના ભીષણ આતંકવાદી હુમલાને અંજામ આપવાના બે દિવસ પહેલાં પાકિસ્તાનમાં એક મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. હુમલાને સંપૂર્ણપણે સફળતા મળે તેની ખાતરી કરવા માટે આ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલમાં આજે આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો હતો. આમા જણાવવામાં આવ્યું છે કે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ સમક્ષ જુંડાલે એવી કબૂલાત કરી છે કે પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા દ્વારા પાકિસ્તાનમાં બૈતુલ્લા મુજાહીદ્દીનના કંટ્રોલ રૂમમાં આ મોક ડ્રીલનું આયોજન કરાયું હતું. જુંડાલે કહ્યું હતું કે મોક ડ્રીલ બે કલાક સુધી ચાલી હતી. મુંબઈમાં હુમલાના તોયબાના મિશનને સફળતા મળશે કે કેમ તેની ખાતરી કરવા આ મોક ડ્રીલ યોજાઈ હતી. મોક ડ્રીલ દરમિયાન ૧૦ આતંકવાદીઓ પાસે રહેલા અતિ આધુનિક હથિયારો, મોબાઈલ નેટવર્ક, સીમ કાર્ડની ચકાસણી કરવામાં આવી હતી. જુંડાલે અગાઉ એમ પણ કહ્યું હતું કે ત્રાસવાદી સંગઠન તોયબા દ્વારા પાકિસ્તાનના ઘણા વિસ્તારમાં આતંકવાદી કેમ્પ ચલાવવામાં આવી રહ્યા છે. ૨૬/૧૧ હુમલાના મુખ્ય કાવતરાખોરે તપાસ અધિકારીઓ સમક્ષ કહ્યું હતું કે પાકિસ્તાન કબજા હેઠળના કાસ્મીરમાં મુઝફરાબાદમાં કેમ્પ ખાતે ભરતી પામેલા યુવાનોને પેરાગ્લાઈડીંગની તાલિમ ફરજિયાતપણે આપવામાં આવે છે.



## ચાંદીની કિમંતમાં ૭૦૦ રૂપિયાનો થયેલો ઘટાડો

નવી દિલ્હી,તા.૨૯


એકબાજુ શેરબજારમા આજે તીવ્ર તેજી જોવા મળી હતી. કારોબારમાં એક દિવસમા સૌથી મોટો સુધારો શેરબજારમા થયો હતો. બીજી બાજુ બુલિયન બજારમા સોના ચાંદીમા મંદી જોવા મળી હતી. અમદાવાદ બુલિયન બજારથી પ્રાપ્ત અહેવાલ મુજબ ચાંદીની કિંમતમા ૭૦૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. જેથી ચાંદીની કિંમત ૫૧૮૦૦થી ૫૨૩૦૦ નોંધાઈ હતી. ગઈકાલે ચાંદીનો ભાવ ૫૨૫૦૦થી ૫૩૦૦૦ રહ્યો હતો. આવી જ રીતે સોનાની કિમંતમા આજે કારોબારના અંતે ૪૦૦ રૂપિયાનો ઘટાડો થયો હતો જેથી સોનાની કિંમત ફરી ૩૦ હજારથી નીચે પહોંચી ગઈ હતી. સોનાની કિંમત આજે ૨૯૮૦૦થી ૨૯૯૦૦ વચ્ચે રહી હતી.

# ઓક્ટોબર મહિનાથી ગ્રોથમાં રીબાઉન્ડની સ્થિતિ જોવા મળશે : કૌશિક બસુ

નવી દિલ્હી,તા.૨૯

મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુએ આજે દાવો કર્યો હતો કે ઓક્ટોબર મહિનાથી ગ્રોથમાં રીબાઉન્ડની સ્થિતિ જોવા મળશે. ભારતનો આર્થિક વિકાસદર નવ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ઘટીને ૬.૫ ટકા થઈ ગયો છે. પરંતુ તેમાં ઓક્ટોબરથી રીબાઉન્ડની સ્થિતિ જોવા મળશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સરકાર ઉદ્યોગજગત સાથે વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા પ્રયાસ કરી રહી છે. સરકાર દ્વારા આયોજિત એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યુ હતુ કે ચાર-પાંચ મહિનાની અંદર અર્થતંત્રમા ફરી મજબૂત સ્થિતિ થશે. તેમણે દાવો કર્યો હતો કે ઓટકોબર મહિનાથી સ્થિતિમા સુધાર થશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સપ્ટેમ્બરથી ફુગાવામા પણ ઘટાડાની શરૂઆત થશે. ફુગાવો હાલ ૭.૫ ટકાની આસપાસ છે. બસુએ વધુમા કહ્યુ હતુ કે ઉદ્યોગ સાથે અમે હાથથી હાથ મિલાવીને ચાલવા માંગીએ છે. ઉદ્યોગ અને સરકાર વચ્ચે વિશ્વાસ મહત્વપૂર્ણ બાબત છે. છેલ્લાક થોડાક મહિનાઓમાં વિશ્વાસની તકલીફને દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. બસુએ એમ પણ કહ્યુ હતુ કે જો અમે સાથી મળીને કામ કરીશુ તો સુધારાની દિશામા ઝડપથી આગળ વધી શકીશુ. સુધારા અંગે બંસુએ વધુ માહિતી આપી ન હતી. તેમણે ઉમેર્યુ હતુ કે જુદા જુદા ક્ષેત્રોમાં છેલ્લા બે ત્રણ મહિનામા સ્થિતિ સુધારવાના પ્રયાસ થયા છે. નાણા ખાતુ વડાપ્રધાન મનમોહનસિંહે પોતાના હાથમા લઈ લીધુ છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મેદાનમા ઉતર્યા બાદથી પ્રણવ મુખર્જીએ નાણામંત્રી તરીકે રાજીનામુ આપી દીધુ છે.





દેશનો પશ્ચિમ ભાગ વરસાદ વિહોણો છે જયારે પૂર્વના રાજયોમાં પૂરની સ્થિતિ પેદા થઈ છે. આસામના ગૌહાટી નજીકના બોરામારી ગામમાં એક બાળક એના ઘરમાં ધસી આવેલા પુરના પાણીને કુતુહલતાવશ જોઈ રહ્યું છે અને કુદરતની લીલાને સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# તત્કાલ રેલવે ટિકિટના એજન્ટો પર સંકજો વધુ મજબુત કરાશે

નવી દિલ્હી,તા.૨૯

તત્કાલ સ્કીમમાં દૂરઉપયોગને રોકવા અને ઈમરજન્સી ટિકિટ બુકીંગ સુવિધાનો લાભ લેવાથી એજન્ટોને રોકવાના હેતુસર ભારતીય રેલવે ટૂંક સમયમાં જ તત્કાલ સ્કીમને વધુ અસરકારક બનાવી એજન્ટો ઉપર સંકજો મજબુત બનાવશે. તત્કાલ સ્કીમને રદ કરવા માટે રેલવે ઉપર હવે દબાણ વધી રહ્યું છે. જો કે સુત્રોનું કહેવું છે રેલવે તત્કાલ સ્કીમને જારી રાખીને તેમાં ધરખમ સુધારા કરી આને અસરકારક પણ બનાવી શકે છે. હાલમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા શરૂ થઈ ચુકી છે. તત્કાલ રેલવે ટિકિટના દલાલો ઉપર સંકજો વધુ મજબુત બનાવવામાં આવશે. રીઝર્વેશન કાઉન્ટરો ઉપર મોબાઈલ લઈ જવાથી બુકિંગ ક્લાર્કને પણ રોકવામાં આવશે. ઉપરાંત ટિકિટ કાઉન્ટરો ઉપર સીસીટીવી કેમરા લગવવામાં આવશે. ઉત્તરીય રેલવેના જનરલ મેનેજર વીકે ગુપ્તાએ માહિતી આપતું કહ્યું છે કે રીઝર્વેશન કાઉન્ટરો ઉપર તત્કાલ ટિકિટ મેળવવા ઈચ્છતા લોકો ઉપર બાજ નજર રાખવામાં આવશે. અલગ કાઉન્ટરો રહેશે. સાથે સાથે તત્કાલ રીઝર્વેશન માટે ટાઈમ સ્લોટ પણ અલગ રહેશે. સૂત્રોની બાબતમાં વિશ્વાસ કરવામાં આવે તો ભારતીય રેલવે ટૂંક સમયમાં જ તાકિદના પ્રવાસ માટેના કારણો આપવા અને તેમની ઓળખના સંદર્ભમાં કોઈ પુરાવા રજૂ કરવા ટિકિટ મેળવવા ઈચ્છુક લોકો માટે ફરજિયાત બનાવશે. અગ્રણી ટીવી ચેનલ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્ટીંગ ઓપરેશનમાં તત્કાલ સ્કીમના દુરુપયોગની બાબતો સપાટી ઉપર આવી હતી. એજન્ટો, રેલવે સ્ટાફ અને દિલ્હી પોલીસના કેટલાક અધિકારીઓ દ્વારા તત્કાલ સ્કીમનો દુરુપયોગ મોટાપાયે કરવામાં આવી રહ્યો છે. સ્ટીંગ ઓપરેશન બાદ રેલવે દ્વારા તત્કાલ સ્કીમને બંધ કરવા ગંભીરતાપૂર્વક વિચારણા હાથ ધરાઈ છે. સ્ટીંગ ઓપરેશનના ભાગરૂપે રેલવે ટિકિટના બ્લેક માર્કેટીંગને રોકવા તાકીદના પગલાં લેવા રેલવે મંત્રાલયને ફરજ પડી છે. તત્કાલ સ્કીમના મેનેજમેન્ટમાં ગંભીર ખામીઓ હોવાની વાત રેલવે મંત્રાલય દ્વારા વ્યક્ત કરવામાં આવી ચૂકી છે. આમા જણાવવામાં આવ્યુંછે કે તત્કાલ સ્કીમને રદ કરતા પહેલાં તેને અસરકારક બનાવવાના પાસાં ઉપર પણ વિચારણા કરાશે. રેલવે મંત્રાલય આ સિસ્ટમના બદલે હવે ઈમરજન્સી ક્વોટા સિસ્ટમ લાવવા વિચારણા કરી રહ્યુંછે જે હેઠળ રિઝર્વેશન કરવા ઈચ્છુક યાત્રીને ઈમરજન્સી ટિકિટ મેળવવા માટેના વાજબી કારણો આપવા પડશે. અન્ય કેટલાક ચાવીરૂપ સૂચનો પણ કરવામાં આવ્યા છે જેના ભાગરૂપે જો તે તત્કાલ વ્યવસ્થા હેઠળ રિઝર્વેશન ઈચ્છે છે તો ઓળખ પુરાવા રજૂ કરવાની બાબત ફરજિયાત રહેશે. અગાઉ ટિકિટ સાથે મુસાફરી કરતા યાત્રીઓ દ્વારા જ આઈડી પુરાવા રજૂ કરવામાં આવતા હતા.

અન્ય પગલાંઓમાં રેલવે મંત્રાલય કાઉન્ટરો ઉપર તત્કાલ ટિકિટના વેચાણને રદ કરવા પણ વિચારી રહી છે. માત્ર ઈ-રિઝર્વેશનને જ મંજૂરી આપશે. સાથે સાથે સામાન્ય ટિકિટ માટે બુકીંગના સમયને ટાળવાના હેતુસર તત્કાલ ટિકિટ બુકીંગ માટે સમયમાં પણ ફેરફાર થશે.

# પ્રસાર ભારતીના પૂર્વ વડાની વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ બંધ

નવી દિલ્હી,તા.૨૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સીબીઆઈએ કોમનવેલ્થ ગેમ્સના પ્રસારણ અધિકાર કોન્ટ્રાક્ટ આપવામાં તત્કાલિન પ્રસાર ભારતીના સીઈઓ બીએસ લલ્લી સામે છેતરપિંડી અને ફોજદારી કાવતરાના કેસને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડના કારણે તિજોરીને ૧૦૦ કરોડનુ નુકસાન થયુ હતુ. સીબીઆઈના સૂત્રોએ કહ્યુ છે કે આ કેસમાં આક્ષેપો તપાસ દરમ્યાન ટકી શકે તેવા નથી. સીબીઆઈ ટુંક સમયમાં જ સંબંધિત કોર્ટ સમક્ષ કલોઝર રિપોર્ટ રજૂ કરે તેવી શકયતા છે. ગયા વર્ષે સીબીઆઈએ લલ્લી અને દિલ્હી સ્થિતિ ઝૂમ કોમ્યુનિકેશનના મેનેજીંગ ડિરેક્ટર સામે કેશ દાખલ કર્યો હતો. ઝુમ કોમ્યુનિકેશનના મેનેજીંગ ડિરેક્ટર વાસીમ દહેલવી સામે કેસ દાખલ કરવમા આવ્યો હતો. વાસિમ દહેલવી બ્રિટન સ્થિત એસઆઈએસ લાઈવના રેસીડેન્ટ ડિરેક્ટર છે. આ બંને સામે છેતરપિંડી અને ફોજદારી કાવતરા સાથે સંબંધિત ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૦-બી અને ૪૨૦ હેઠળ કેસ દાખલ કરવામા આવ્યો હતો જો કે આ બંનેએ આક્ષેપોનો રદિયો આપ્યો હતો. સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે કોમનવેલ્થ ગેમ્સના પ્રોડક્શન અને કવરેજ માટે પ્રસાર ભારતીય દ્વારા બ્રિટન સ્થિત એસઆઈએસને લાઈવને આપવામા આવેલી ૨૪૬ કરોડનો કોન્ટ્રાક્ટને લઈને વિવાદ હતો. કૌભાંડમાં એક વર્ષ લાંબી તપાસ બાદ સીબીઆઈ એવા તારણ ઉપર પહોંચી છે કે આ મામલામા કોઈપણ ખામી નથી.

## વ્યકિત નહીં, રાષ્ટ્ર મહાન (પાના નં. ૪ નું ચાલુ)

રાષ્ટ્ર માટે જરૂર પડ્યે મરી ફીટવાની ભાવના અને જરૂર પડ્યે ક્ષણ ક્ષણ જીવી જવાની ઉત્કંઠા એ જ રાષ્ટ્રના ઘટકની મુડી છે. આજે સ્વામી વિવેકાનંદને આપણે યાદ કરીએ છીએ, પુજીએ છીએ, કારણ કે તેમણે પોતાની નહીં, રાષ્ટ્રની મહત્તા પ્રસ્થાપિત કરી હતી. 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' ની દ્વિતીય સરસંઘચાલક શ્રી ગુરુજીએ કહ્યું - મારો જયજયકાર નહીં, ભારતમાતાનો જયજયકાર કરો.

એક કવિએ કહ્યું કે -

**દેશ હમેં દેતા હૈ સબ કુછ**

**હમ ભી તો કુછ દેના સીખેં**

ચર્ચિલે કહ્યું હતું... રાષ્ટ્ર (ઈંગ્લેન્ડ) અત્યારે સંકટમાં છે. રાષ્ટ્ર તમને શું આપે છે તે વિચારવાનો સમય નથી. તમે રાષ્ટ્રને શું આપો છો તે મહત્ત્વનું છે.

રાષ્ટ્રના આધારભૂત ઘટક એવા આપણે રાષ્ટ્રદેવનું સતત ચિંતન અને પૂજન કરીએ એ જ અભીપ્સા!

# એલપીજી પર સબસિડીને ઘટાડવાની તરફેણ થઈ

કોલકાતા,તા.૨૯

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના ચેરમેન સી રંગરાજને આજે કહ્યુ હતુ કે સરકાર નાણાકીય અને મહેસૂલી ખાદ્યને કાબૂમા લેવા માટે કટિબદ્ધ છે. આઈએસઆઈ ખાતે એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા રંગરાજને કહ્યુ છે કે કરકસરના પગલા અને વિકાસ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ફુગાવા અને મહેસૂલી ખાદ્યને કાબૂમા લેવા માટે સર્વોચ્ચ પ્રાથમિકાતા આપવામા આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કેસરકાર ઉતાવળામા સ્ટીમ્યુલસની દિશામા આગળ વધશે નહી. તેમણે ઉમેર્યુ હતુ કે માત્ર ચોક્કસ સેકટરો તરફ સૌથી પહેલા ધ્યાન કેન્દ્રિત કરવામા આવશે. સ્ટીમ્યુલસ પેકેજ અંગે ચાલી રહેલી અટકળોને ફગાવતા તેમણે ઉમેર્યુ હતુ કે માત્ર ચોક્કસ દરમ્યાનગીરી જ જુદા જુદા ક્ષેત્રોમા કરવામા આવશે. એલપીજી, ડીઝલ અને ખાતર પર સબસિડીમા કાપ મૂકવા માટે હજુ સ્થિતિ રહેલી છે રંગરાજને ઉમેર્યુ હતુ કે એલપીજી, ડીઝલ અને ખાતરમા સબસિડીને ઘટાડીને સ્થિતિને હળવી કરી શકાય છે. અર્થતંત્રમા નવા પ્રાણ ફુંકવા માટે આવનાર દિવસોમા સરકાર જુદા જુદા પગલા લેવા જઈ રહી છે.




નોઈડામાં ઓવરબ્રીજ નજીક એક ડમ્પરે બે હાથીઓને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે વિશાળકાય હાથીનું મોત થયું હતું.

# ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન રાફેલ નડાલની વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં આશ્ચર્યજનક રીતે હાર

લંડન, તા.૨૯

ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન રાફેલ નડાલની વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં આશ્ચર્યજનક રીતે હાર થતાં ટેનિસ ચાહકોને નિરાશા હાથ લાગી છે. સાત વર્ષના ગાળામાં નડાલની ગ્રાન્ડસ્લેમમાં સૌથી કારમી હાર થઈ છે.

નડાલને ચેકગણરાજ્યના ખેલાડી લુકાસ રોસોલે ૬-૭, ૬-૪, ૬-૪, ૨-૬, ૬-૪થી હાર આપી હતી. નડાલને બીજા રાઉન્ડમાં જ હારનો સામનો કરવો પડ્યો છે. વિમ્બલ્ડનના ઈતિહાસમાં સૌથી મોટા અપસેટ પૈકીના એક તરીકે આને ગણવામાં આવે છે. તાજેતરમાં જ ૧૮ દિવસ પહેલાં જ સાતમી વખત ફ્રેન્ચ ઓપન જીતીને શાનદાર ફોર્મની સાબિતી આપનાર નડાલની સામે રોસોલે શાનદાર રમત રમી હતી. આ મેચ ખૂબ જ લાંબી ચાલી હતી. સાત વર્ષ અગાઉ નડાલ આ રીતે જ વિમ્બલ્ડનમાં બીજા રાઉન્ડમાં હારી ગયો હતો.



છેલ્લા સાત વર્ષમાં પ્રથમ વખત કોઈ ગ્રાન્ડસ્લેમ સ્પર્ધામાં નડાલનો આ પ્રકારનો ખરાબ દેખાવ રહ્યો છે. ૧૦૦મા ક્રમાંકિત ખેલાડી રોસોલે નડાલને હાર આપીને ટેનિસ ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. રોસોલ પ્રથમ વખત વિમ્બલ્ડનમાં મુખ્ય ડ્રોમાં રમી રહ્યો છે. તે છેલ્લા પાંચ વર્ષથી ક્વોલિફાઈનના પ્રથમ રાઉન્ડમાં જ હારી જતો હતો. ૨૬ વર્ષીય રોસોલે વર્ષ ૨૦૦૪માં ટેનિસમાં એન્ટ્રી કરી હતી. જીત બાદ રોસોલે કહ્યું હતું કે તેના માટે આ સ્વપ્ન સમાન છે. નડાલ સુપર સ્ટાર છે. આગામી મેચોમાં પણ આવા જ દેખાવ કરવાની અપેક્ષા રોસોલે વ્યક્ત કરી હતી. નડાલ વર્ષ ૨૦૦૯માં ફ્રેન્ચ ઓપનમાં ચોથા રાઉન્ડમાં સોડરલીંગ સામે આ રીતે જ હારી ગયો હતો. સેન્ટર કોર્ટ ઉફર આ મેચ નિર્ધારિત સમય કરતા ૪૫ મિનિટ મોડેથી શરૂ થઈ હતી. વર્ષ ૨૦૦૮ અને ૨૦૧૦માં ચેમ્પિયન બનેલા નડાલ પાસેથી વધુ એક સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી હતી.

# પાયલોટોની હડતાળ હવે સૌથી લાંબી હડતાળ બની

નવી દિલ્હી,તા.૨૯

એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ છેલ્લા ૫૦ દિવસથી ચાલી રહી છે. એર ઈન્ડિયાના પાયલોટોની ભૂખ હડતાળ આજે છઠ્ઠા દિવસમા પ્રવેશી ગઈ હતી. એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ છેલ્લા ૪૦ વર્ષમાં પાયલોટોની સૌથી લાંબી હડતાળ બની ચુકી છે. આઠમી મેના દિવસથી પાયલોટો હડતાળ ઉપર છે. ટુંક સમયમાં સામેલ કરવામા આવનાર ડ્રીમ લાઈનર વિમાનો માટે ઈન્ડિયન એરલાઈન્સ (આઈસી)ના પાયલોટોને તાલીમ આપવામા એર ઈન્ડિયાના નિર્ણય સામેના વિરોધમાં પાયલોટો હડતાળ પર ઉતરી ગયા હતા. ત્યારબાદથી તેમની હડતાળ યથાવત રીતે ચાલી રહી છે. એરઈન્ડિયા પાયલોટોના યુનિયન ઈન્ડિયન પાયલોટ્સ ગીલ્ડના માન્યતા એરલાઈન દ્વારા રદ કરવામા આવી ચુકી છે.બુધવારના દિવસે માન્યતા ગુમાવી ચુકેલા યુનિયનોના સભ્યોએ એક અખબારી યાદી જારી કરીને કહ્યુ હતુ કે પાયલોટોની હડતાળ છેલ્લા ચાલીસ વર્ષમાં સૌથી લાંબી પાયલોટ હડતાળ છે. વર્ષ ૧૯૯૩માં આઈસીના પાયલોટો હડતઆળ પર ઉતરી ગયા હતા. એરલાઈને આવુ જ વલણ એ વખતે અપનાવ્યુ હતુ. પાયલોટોની જગ્યાએ એરલાઈન દ્વારા ઉજવેક એરવેજના વધુ પાયલોટોની ભરતી કરવામા આવી ચુકી છે. એરલાઈને કહ્યુ છે કે તેમની હડતાળના કારણે તેને ઘણી તકલીફ થઈ રહી છે. જો કે પાયલોટોની હડતાળને ઉકેલવાના ગંભીરતાપૂર્વક પ્રયાસો હજુ સુધી કરાયા નથી. ભૂખ હડતાળ અને હડતાળ પર રહેલા પાયલોટો દ્વારા સમગ્ર મામલામાં હવે વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી દ્વારા દરમિયાનગીરીની માંગ કરવામા આવી રહી છે. હડતાળને કોર્ટ દ્વારા ગેરકાયદે પણ જાહેર કરાઈ છે. ઘણા પાયલોટોની હકાલપટ્ટી પણ થઈ છે.

# વડાપ્રધાન આજે પુડુચેરી પહોંચશે

પુડુચેરી,તા.૨૯

વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલે ૪૦૦ વર્ષ જુના શ્રી માનાકુલા વિનયકર મંદિરની મુલાકાત લેશે અને આ મંદિરમા ખાસ પૂજા કરશે. કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીની બે દિવસની યાત્રા મનમોહન સિંહની શરૂ થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ વડાપ્રધાન ઓરોબિંદો આશ્રમની પણ મુલાકાત લેશે. શુક્રવારે ચેન્નાઈથી આવી પહોંચ્યા બાદ તેઓ યુનેસ્કો સાથે એક કાર્યક્રમની શરૂઆત કરશે. જવાહરલાલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચની પણ મુલાકાત લઈને તેઓ સંબોધન કરશે. વડાપ્રધાનની પુડુચેરીની યાત્રાને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામા આવી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. વડાપ્રધાનના ભરચક કાર્યક્રમો છે.